*This Question Paper contains 16 printed pages.*

પ્રશ્ન પુસ્તિકા ક્રમાંક :

| પ્રશ્નપુસ્તિકાનો કોડ<br>**Question Paper Booklet Code** |
|---|
| **01** |

# (Law)

***Time : 90 Minutes]*** ***[Maximum Marks : 100***

<u>ઉમેદવારો માટેની અગત્યની સૂચનાઓ :</u>

1) દરેક પ્રશ્નોના સરખા માર્કસ છે. કુલ પ્રશ્નોની સંખ્યા **100** છે.
2) સૌ પ્રથમ પ્રશ્ન પુસ્તિકાનું સીલ તોડ્યા વગર, તેમાં સામેલ (Inserted) ઉત્તરવહી (OMR Sheet) કાળજીપૂર્વક બહાર કાઢવાની રહેશે. આ ઉત્તરવહી (OMR Sheet) માં કરચલી પડે નહી કે વળે નહી તેની ખાસ કાળજી લેવી.
3) ઉમેદવારે ઉપરોક્ત પ્રશ્ન પુસ્તિકાનો કોડ અને ક્રમાંક તેમજ પોતાનો બેઠક ક્રમાંક (Roll No.) ઉત્તરવહીમાં અવશ્ય દર્શાવવાના રહેશે અને જો દર્શાવવામાં નહી આવેલ હોય તો, તેવી ઉત્તરવહીનું મૂલ્યાંકન કરવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી. દરેક જવાબો ઉત્તરવહીમાં જણાવ્યા પ્રમાણે દર્શાવવાના રહેશે તે માટે ઉત્તરવહીની પાછળના ભાગે દર્શાવેલ વિગતવારની સૂચનાઓ વંચાણે લઈ અવશ્ય અમલવારી કરવાની રહેશે.
4) પરીક્ષાના સમયે ઉમેદવારે કોઈપણ જાતનું સાહિત્ય, મોબાઈલ ફોન, કેલ્ક્યુલેટર, વિજાણું યંત્રો કે જે ઉમેદવારને પરીક્ષામાં મદદરૂપ થઈ શકે તે સાથે રાખવા નહીં. પાછળથી આવી કોઈપણ વસ્તુઓ ઉમેદવાર પાસેથી મળશે કે કોઈપણ ઉમેદવાર નકલ કરતા, અથવા કોઈપણ જાતની ગેરરીતિ કે ગેરશિસ્ત આચરતા જણાશે તો તેવા ઉમેદવારને પરીક્ષા માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.
5) પરીક્ષાની કાર્યવાહી બાબતે કોઈ પ્રશ્ન હોય તો હાથ ઉંચો કરી, વર્ગખંડ નિરીક્ષક (Invigilator) નાઓને પૂછવાનો રહેશે. તેમજ પ્રશ્નપત્ર અથવા ઉત્તરવહી (OMR Sheet) માં કોઈ ક્ષતિ જણાય તો તાત્કાલીક વર્ગખંડ નિરીક્ષક (Invigilator) નાઓને તે બાબતે જાણ કરી, બીજી નકલ મેળવી લેવાની રહેશે.
6) ઉત્તરવહી ભરવા માટે ફક્ત ભૂરી અથવા કાળી બોલ પોઈન્ટ પેન વાપરવાની રહેશે.
7) દરેક સાચા ઉત્તર(જવાબ) નો 01(એક) માર્કસ છે. ઉત્તરવહીમાં જો કોઈપણ વિકલ્પ પસંદ નહિ કરે તો તેને કોઈ માર્કસ મળશે નહી અને કપાશે પણ નહી. જ્યારે દરેક ખોટા ઉત્તર દીઠ 0.25 માર્કસ નેગેટીવ (-) માર્કસ તરીકે કપાત કરવામાં આવશે. જેની ઉમેદવારે ખાસ નોંધ લેવી.
8) ઉત્તરવહીમાં દરેક પ્રશ્નોના ઉત્તર વિકલ્પો દર્શાવવામાં આવેલ છે. જે વિકલ્પ પસંદ કરો, તેનું વર્તુળ ઉત્તરવહીમાં જણાવ્યા પ્રમાણે ભરવું. ઉત્તરવહીમાં એકથી વધારે વર્તુળ ભરવામાં આવશે કે સફેદ શાહી (White Ink) નો ઉપયોગ કરવામાં આવશે તો તેવા જવાબને ખોટા ગણવામાં આવશે. આ ઉપરાંત વર્તુળમાં કોઈપણ પ્રકારની છેકછાક કરેલ જવાબોને પણ ખોટા જવાબો ગણવામાં આવશે. આવા ખોટા જવાબો દીઠ 0.25 માર્કસ નેગેટીવ (-) માર્કસ તરીકે કપાત કરવામાં આવશે જેથી પુરતો વિચાર કરી જવાબ નક્કી કર્યા બાદ જ જવાબરૂપે વર્તુળ ભરવું. જેની ઉમેદવારે ખાસ નોંધ લેવી.
9) ઉત્તરવહીના કોઈ વર્તુળ (A,B,C,D જવાબ) માં ભુલથી પણ ટપકું થયું હશે તો પણ કોમ્પ્યુટર એસેસમેન્ટમાં તેને જવાબ ગણી લઈ શકે છે. જેથી તમામે ઉત્તરવહી (OMR Sheet) માં સાવધાનીથી પેનનો ઉપયોગ કરવા ગંભીર નોંધ લેવી.
10) પરીક્ષા દરમ્યાન વર્ગખંડ નિરીક્ષક આપની પાસે હાજરી પત્રક લઈને આવશે તેમાં ઉમેદવારે પોતાની ઉત્તરવહી નંબર (OMR Sheet No.) ભરી હાજરી પત્રકમાં અવશ્ય સહી કરવાની રહેશે.
11) ઉમેદવારને આપવામાં આવેલ ઉત્તરવહી (OMR Sheet) માં કોઈપણ જગ્યાએ જણાવેલ વિગતો સિવાય નામ કે અન્ય ઓળખ માટેના કોઈપણ પ્રકારના ચિન્હ દર્શાવવા નહીં. રફકામ માત્ર પ્રશ્ન પુસ્તિકામાં કરી શકાશે.
12) ઉત્તરવહી (OMR Sheet) ત્રણ પ્રતમાં છે. પરીક્ષા પૂર્ણ થયા પછી ઉત્તરવહી (OMR Sheet) માંની ત્રીજી ઉમેદવાર કોપી (Candidate's Copy) વર્ગખંડ નિરીક્ષક (Invigilator) અલગ કરી ઉમેદવારને આપશે. જે ઉમેદવારે લઈ જવી. ઉમેદવારે જાતે આ ત્રીજી કોપી અલગ પાડવી નહી. જેની ખાસ નોંધ લેવી.



PariksaPath . pariksapath.in

## ભારતીય સંવિધાન

1) લોકસભાના અધ્યક્ષ કોણ છે ? **ANSWER - C**

(A) રાષ્ટ્રપતિ (B) સંસદીય બાબતોના પ્રધાન

(C) સ્પીકર (D) ઉપરાષ્ટ્રપતિ

2) ભારતના મુખ્ય ચુટણી પંચનો કાર્યકાળ :

(A) 6 વર્ષ નો હોય છે.

(B) 6 વર્ષ અથવા 65 ની ઉંમર જે પણ પહેલા થાય.

(C) 5 વર્ષ નો હોય છે.

(D) 5 વર્ષ અથવા 60 ની ઉંમર જે પણ પહેલા થાય.

પ્રશ્ન ક્રમાંક : ૨ ના ૧ (એક) ગુણ તમામને મળવાપાત્ર થશે.

3) ભારતની સંરક્ષણ સેનાના સર્વોચ્ચ કમાન્ડર કોણ છે ? **ANSWER - B**

(A) ભારતના પ્રધાનમંત્રી (B) ભારતના રાષ્ટ્રપતિ

(C) સુરક્ષામંત્રી (D) સેનાધ્યક્ષ

4) રાજ્યસભાનાં સભ્યનો કાર્યકાળ: **ANSWER - B**

(A) 5 વર્ષ નો હોય છે.

(B) 6 વર્ષ નો હોય છે.

(C) 6 વર્ષ અથવા 80 ની ઉંમર જે પણ પહેલા થાય.

(D) જેમ લોકસભામાં છે એમ.

5) ભારતના બંધારણની ડ્રાફ્ટીંગ કમિટીના ચૅરમેન કોણ હતાં ? **ANSWER - A**

(A) ડૉ. બી. આર. આંબેડકર (B) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

(C) કે. એમ. મુનશી (D) આપેલામાંથી કોઈપણ નહીં

6) નીચેનામાંથી કયું બંધારણીય સત્તા મંડળ છે ? **ANSWER - D**

(A) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ નું રાષ્ટ્રીય પંચ

(B) ભારતીય ચૂટણી પંચ

(C) સંઘ લોક સેવા આયોગ (UPSC)

(D) ઉપરના તમામ

7) ભારતીય બંધારણના અનુચ્છેદ 343 મુજબ સંઘની સત્તાવાર ભાષા કઈ છે ? **ANSWER - C**

(A) હિન્દી (B) અંગ્રેજી

(C) હિન્દી અને અંગ્રેજી (D) હિન્દી, ઉર્દૂ, સંસ્કૃત અને અંગ્રેજી



ParikSaPath . pariksapath.in

8) ભારતીય બંધારણ ક્યારે અમલમાં આવ્યું ? **ANSWER - A**

(A) 26 જાન્યુઆરી 1950
(B) 15 ઓગષ્ટ 1948
(C) 10 નવેમ્બર 1950
(D) 02 ઓક્ટોબર 1950

9) ભારતીય બંધારણમાં કયા મૂળભૂત અધિકારની ખાતરી આપવામાં આવી નથી ? **ANSWER - A**

(A) સંપત્તિ હક્ક
(B) સ્વતંત્રતાનો હક્ક
(C) શોષણ વિરોધી હક્ક
(D) સમાનતાનો હક્ક

10) નીચેનામાંથી .......... ને સંસદનું નીચલું ગૃહ માનવામાં આવે છે. **ANSWER - A**

(A) લોકસભા
(B) રાજ્ય સભા
(C) વિધાન સભા
(D) વિધાન પરિષદ

11) કોગ્નીઝેબલ ગુનાના કિસ્સામાં એક પોલીસ અધિકારી: **ANSWER - A**

(A) વોરંટ વગર આરોપીની ધરપકડ કરી શકે છે.
(B) વોરંટ વગર આરોપીની ધરપકડ કરી શકતો નથી.
(C) વોરંટ વગર આરોપીની ધરપકડ કરી 2 દિવસ માટે પોલીસ હિરાસતમાં રાખી શકે છે.
(D) આપેલામાંથી કોઈપણ નહીં

12) પોલીસ અધિકારીએ ધરપકડ કરેલ વ્યક્તિને, ક્ષેત્રાધિકાર મેજીસ્ટ્રેટની સામે કોર્ટમાં હાજર કર્યા વગર તેની હિરાસતમાં અધિકતમ કેટલા સમય માટે રાખી શકાય છે ? **ANSWER - A**

(A) 24 કલાક
(B) જિલ્લા પોલીસ અધિક્ષકની મંજૂરથી 48 કલાક
(C) શહેરના પોલીસ કમિશ્નરની મંજૂરથી 72 કલાક
(D) 8 કલાક

13) સમન્સ કોના દ્વારા બજવવામાં આવે છે ? **ANSWER - C**

(A) પોલીસ અધિકારી દ્વારા
(B) કોર્ટના અધિકારી દ્વારા
(C) આપેલામાંથી કોઈપણ
(D) આપેલામાંથી કોઈપણ નહીં

14) પ્રથમ માહિતી અહેવાલ બાબત નીચેના વિધાનોમાંથી કયું અસત્ય છે ? **ANSWER - D**

(A) તે કોગ્નીઝેબલ ગુના સંબંધી રીપોર્ટ છે.
(B) તે માહિતી પોલીસ અધિકારીને આપવામાં આવે છે.
(C) તે ઘટનાની પ્રથમ માહિતી છે.
(D) તે લેખિતમાં જ હોવી જોઈએ.



ParikSaPath . pariksapath.in

15) ફોજદારી કાર્ય પદ્ધતિ અધિનિયમ, 1973 માં ગુનાઓનું વર્ગીકરણ નીચેનામાંથી કયા પ્રકારે કરવામાં આવ્યું છે ?
**ANSWER - D**
(A) કોગ્નીઝેબલ અને બિન-કોગ્નીઝેબલ
(B) જામીનપાત્ર અને બિનજામીનપાત્ર
(C) સમન્સ કેસ અને વોરંટ કેસ
(D) આપેલા તમામ

16) ફોજદારી કાર્ય પદ્ધતિ અધિનિયમ, 1973 ની જોગવાઈ મુજબ, ગુનાના કામે ધરપકડ કરવામાં આવેલી વ્યક્તિને નીચેનામાંથી કયો હક્ક હોતો નથી ?
**ANSWER - D**
(A) ધરપકડના કારણની માહિતીનો હક્ક
(B) જામીન મેળવવાનો હક્ક જો ગુનો જામીનપાત્ર હોય.
(C) પૂછપરછ દરમ્યાન પોતાની પસંદના વકીલને મળવાની પરવાનગીનો હક્ક
(D) તેના ઘરેથી પોતાની પસંદનું ભોજન કરવાનો હક્ક

17) રાજકીય પક્ષોને ચિહ્ન કોણ ફાળવે છે ?
**ANSWER - C**
(A) ભારતના રાષ્ટ્રપતિ
(B) રાજકીય પક્ષોના પ્રમુખ
(C) ભારતીય ચૂટણી પંચ
(D) આપેલામાંથી કોઈપણ નહીં

18) પૈસા ચોરી કરવા માટે Y ના ખિસ્સામાં X હાથ નાખે છે પણ ખિસ્સુ ખાલી હોય છે. X :
**ANSWER - C**
(A) ચોરી માટે દોષી છે.
(B) ચોરીના પ્રયાસ માટે દોષી નથી
(C) ચોરીના પ્રયાસ માટે દોષી છે
(D) કોઈપણ ગુના માટે દોષી નથી

19) મહિલાની મરજીથી, પુરૂષે મહિલા સાથે કરેલો જાતીય સંભોગ, બળાત્કારનો કેસ ગણવામાં આવશે જો મહિલાની ઉંમર ........... થી ઓછી હોય.
**ANSWER - C**
(A) 15 વર્ષ
(B) 16 વર્ષ
(C) 18 વર્ષ
(D) ઉપરમાંથી એકપણ નહીં

20) B ના ઘરમાં A બારી દ્વારા ગેરકાયદેસર પ્રવેશ કરે છે. તે ............ ગુનો કરે છે.
**ANSWER - B**
(A) તોફાન
(B) ઘરફોડી
(C) લૂંટ
(D) આપેલામાંથી કોઈપણ નહીં

21) ભારતીય દંડ સંહિતા કલમ 141ની જોગવાઈ મુજબ, ગેરકાયદેસર મંડળીના ગુના માટે જરૂરી ન્યૂનતમ વ્યક્તિઓની સંખ્યા કેટલી છે ?
**ANSWER - A**
(A) 5 વ્યક્તિઓ
(B) 3 વ્યક્તિઓ
(C) 2 વ્યક્તિઓ
(D) 4 વ્યક્તિઓ


ParikSaPath . pariksapath.in

22) ભારતીય દંડ સંહિતા 1860 ની કલમ 420 માં કયા ગુનાની સજાની જોગવાઈ છે ?**ANSWER - A**

(A) છેતરપિંડી (B) લૂંટ

(C) ખૂન (D) બળાત્કાર

23) નીચેનામાંથી કયુ એક 'કુદરતી ન્યાયના સિધ્ધાંત' નો ભાગ છે ? **ANSWER - C**

(A) audi alteram partem (બીજા પક્ષને સાંભળવો)

(B) nemo in propria causa judex (સ્વયંના કેસમાં જજ બનવું નહીં)

(C) (A) અને (B) બંને

(D) આપેલામાંથી કોઈપણ નહીં

24) ભારતીય દંડ સંહિતા 1860 ની કલમ 11 મુજબ 'વ્યક્તિ' ની વ્યાખ્યા શું છે ? **ANSWER - D**

(A) કોઈ કંપની (B) કોઈ એસોશિએશન

(C) વ્યક્તિઓનું મંડળ (D) આપેલા તમામ

25) ભારતીય દંડ સંહિતા 1860 ની કલમ 18 મુજબ 'ભારત' એટલે : **ANSWER - B**

(A) ભારતનું ક્ષેત્ર જેમાં બધા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સામેલ છે.

(B) જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાયનું ભારતનું ક્ષેત્ર.

(C) આંદામાન અને નિકોબાર ટાપુઓ અને લક્ષદ્વીપ સિવાયનું ભારતનું ક્ષેત્ર

(D) આપેલામાંથી કોઈપણ નહીં

26) ભારતીય દંડ સંહિતા 1860 ની કલમ 21 મુજબ કોણ જાહેર સેવકની વ્યાખ્યામાં સામેલ છે ?**ANSWER - D**

(A) મુખ્ય મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (B) પોલીસ સબ-ઈન્સ્પેક્ટર

(C) મ્યુનિસિપલ કમિશ્નર (D) આપેલા તમામ

27) ભારતીય દંડ સંહિતા 1860 માં, નીચેનામાંથી કઈ સજાની જોગવાઈ નથી ? **ANSWER - C**

(A) મોતની સજા (B) આજીવન કેદ

(C) સામાજીક સેવા (D) રોકડ દંડ

28) ભારતીય દંડ સંહિતા 1860 ની કલમ 307 વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ? **ANSWER - D**

(A) પોલીસ અધિકારનો ગુનો છે. (B) ગુનો બિનજામીનપાત્ર છે.

(C) ગુનો સેસન્શ કોર્ટમાં ચાલવા લાયક છે. (D) આપેલા તમામ



PariksaPath . pariksapath.in

29) જે વ્યક્તિ સંસદ સભ્ય નથી તેને રાષ્ટ્રપતિ વડાપ્રધાન તરીકે .......... સમય માટે નીમી શકે છે. **ANSWER - B**

(A) 9 મહિના (B) 6 મહિના
(C) 12 મહિના (D) નીમી શકતા નથી.

30) નાગરિકોના મૂળભૂત હક્કના અમલ માટે કોર્ટ, નીચેનામાંથી શાનો ઉપયોગ કરે છે ? **ANSWER - B**

(A) જાહેરનામુ (B) રિટ
(C) વટહુકમ (D) નોટીસ

31) સંસદમાં શૂન્યકાળ એટલે શું ? **ANSWER - C**

(A) સવાર અને સાંજના સત્ર વચ્ચેનો સમય.
(B) લોકસભાના સ્પીકર સમક્ષ વ્યક્તિગત રોષ પ્રકટ કરવા માટે સભ્યોને આપવામાં આવેલો સમય.
(C) અતિમહત્ત્વપૂર્ણ મુદ્દાઓ ઉઠાવવા માટે આપવામાં આવતો સમય.
(D) જ્યારે લોકસભામાં નાણા ખરડો રજૂ કરવામાં આવે છે.

32) ભારતીય સર્વોચ્ચ અદાલતમાં મુખ્ય ન્યાયમૂર્તિ સહિત કુલ કેટલા ન્યાયમૂર્તિઓની જગ્યા હોય છે ? **ANSWER - C**

(A) 25 (B) 21
(C) 31 (D) 41

33) ભારતીય પુરાવા અધિનિયમ,1872 કોને લાગૂ પડે છે ? **ANSWER- A**

(A) ન્યાયિક કોર્ટ સમક્ષ કાર્યવાહીને (B) ટ્રિબ્યુનલ સમક્ષ કાર્યવાહીને
(C) આર્બિટ્રેટર સમક્ષ કાર્યવાહીને (D) આપેલા તમામને

34) ભારતીય પુરાવા અધિનિયમ,1872 ની કલમ 45 મુજબ, નીચેનામાંથી કોણ નિષ્ણાતની પરિભાષામાં આવતા નથી ? **ANSWER - D**

(A) ફિંગરપ્રિન્ટ એક્સપર્ટ (B) હેન્ડ રાઈટીંગ એક્સપર્ટ
(C) ફોરેનસિક એક્સપર્ટ (D) પોલીસ સબ-ઈન્સ્પેક્ટર

35) ભારતીય પુરાવા ધારા મુજબ નીચેનામાંથી કોને 'દસ્તાવેજ' તરીકે ગણવામાં આવે છે ? **ANSWER - D**

(A) બેંક ખાતાના ચોપડાઓ (B) બે વ્યક્તિઓ વચ્ચે પત્રોની આપ-લે
(C) ઈલેક્ટ્રોનિક રેકોર્ડ (D) આપેલા તમામ



PariksaPath . pariksapath.in

36) 50 cc થી ઓછી ક્ષમતાવાળા એન્જિનવાળી મોટર સાયકલ ચલાવવા માટે ડ્રાઈવીંગ લાઈસન્સ મેળવવાની ન્યૂનતમ આયુ કેટલી છે ? **ANSWER - A**

(A) 16 વર્ષ (B) 18 વર્ષ

(C) 20 વર્ષ (D) 21 વર્ષ

37) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ 1988, હેઠળ ............ વિરૂદ્ધ કાર્યવાહી કરી શકાય છે. **ANSWER - B**

(A) કોઈપણ જાહેર સેવક (B) જાહેર સેવક અને ખાનગી વ્યક્તિ

(C) માત્ર ખાનગી વ્યક્તિ (D) માત્ર રાજકીય નેતાઓ

38) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ 1988 બાબતે નીચેનામાંથી કયું કથન સાચું નથી ? **ANSWER - C**

(A) જાહેર સેવક દ્વારા લાંચની માંગણી કરવી અને મેળવવી ગુનો છે.

(B) સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી સિવાય કોઈપણ જાહેર સેવક વિરુદ્ધ આ કાયદા હેઠળ ઈન્સાફી કાર્યવાહી ન કરી શકાય.

(C) જાહેર સેવક પાસે 3 થી અધિક ઘર હોવા એક ગુનો છે.

(D) આપેલામાંથી કોઈપણ નહીં

39) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ 1988 હેઠળ ફોજદારી કેસની તપાસ કોણ કરી શકે છે ? **ANSWER - D**

(A) દિલ્હી સ્પેશ્યલ પોલીસ એસ્ટાબ્લીશમેન્ટના કિસ્સામાં, પોલીસ ઈન્સ્પેક્ટર અને તેનાથી ઉપરના દરજ્જાના અધિકારી.

(B) શહેર અને જિલ્લા પોલીસમાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષક કે તેનાથી ઉપરના દરજ્જાના અધિકારી

(C) એન્ટી કરપ્શન બ્યુરોના કિસ્સામાં,પોલીસ સબ-ઈન્સ્પેક્ટર અને તેનાથી ઉપરના દરજ્જાના અધિકારી

(D) માત્ર (A) અને (B)

40) દારૂના સેવન બાદ એક વ્યક્તિ દમણથી સુરત આવે છે. સુરતમાં પોલીસ તેને રોકે છે. ગુજરાત નશાબંધી અધિનિયમ 1949 હેઠળ, તે ફોજદારી કાર્યવાહી પાત્ર છે ? **ANSWER - A**

(A) હા

(B) ના

(C) જો તેને ફક્ત સૂર્યોદય અથવા સૂર્યાસ્તની વચ્ચે પોલીસે રોક્યો હોય તો હા.

(D) જો તેને ફક્ત મોટર વાહન ચલાવતા જોયો હોય તો હા.



ParikSaPath . pariksapath.in

41) ગુજરાત નશાબંધી અધિનિયમ 1949 હેઠળ, નીચેનામાંથી કઈ પરમીટ આપવામાં આવતી નથી ?

ANSWER - D

(A) હેલ્થ પરમીટ
(B) ઈમરજન્સી પરમીટ
(C) વિઝીટર પરમીટ
(D) હોલીડે પરમીટ

42) ગુજરાત નશાબંધી અધિનિયમ હેઠળ, અધિકતમ સજાની જોગવાઈ કેટલી છે ?

ANSWER - C

(A) 7 વર્ષ માટે જેલ
(B) 10 વર્ષ માટે જેલ
(C) આજીવન કેદ
(D) આપેલામાંથી કોઈપણ નહીં

43) પોલીસ કમિશ્નર અને જિલ્લા મેજીસ્ટ્રેટને ગુજરાત પોલીસ અધિનિયમ 1951 ની કલમ 33 હેઠળ નિયમ અને ધારાધોરણ બનાવવાની સત્તા નીચેનામાંથી શેના માટે છે ?

ANSWER - D

(A) ટ્રાફીક નિયમન
(B) શેરીમાં જુલુસનું નિયમન
(C) કોઈ શેરી અથવા સાર્વજનિક સ્થળો પર અડચણ બાબત
(D) આપેલા તમામ

44) ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પલેઈન્ટ ઓથોરીટીને કોની વિરૂદ્ધની ફરિયાદમાં તપાસ કરવાનો અધિકાર છે ?

ANSWER - A

(A) નાયબ પોલીસ અધિક્ષક અને તેની ઉપરના દરજ્જાના અધિકારીઓ
(B) પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને તેની ઉપરના દરજ્જાના અધિકારીઓ
(C) બધી જ રેન્કના પોલીસ અધિકારીઓ
(D) આપેલામાંથી કોઈપણ નહીં

45) ગ્રામ રક્ષક દળના સદસ્યોની નિયુક્તિ કોણ કરે છે ?

ANSWER - C

(A) પોલીસ મહાનિર્દેશક
(B) પોલીસ કમિશ્નર
(C) પોલીસ અધિક્ષક
(D) તે વિસ્તારના પોલીસ સ્ટેશનના થાણા અધિકારી

46) ગુજરાત પોલીસ અધિનિયમ 1951મુજબ ગુજરાત પોલીસના વડા કોણ છે ?

ANSWER - C

(A) ગૃહ મંત્રી
(B) ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ
(C) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી
(D) મુખ્ય મંત્રી



PariksaPath . pariksapath.in

**47)** સામાન્ય રીતે નીચેનામાંથી કયું વાક્ય સાચું નથી ?

**ANSWER - C**

(A) પોલીસ અધિકારી સમક્ષ કરેલી કબૂલાત કોર્ટમાં અસ્વીકાર્ય છે.

(B) પ્રલોભન અથવા ધમકીથી કરેલી કબૂલાત કોર્ટમાં અસ્વીકાર્ય છે.

(C) નાયબ પોલીસ અધિક્ષક અને તેથી ઉપરના અધિકારી સમક્ષ કરેલી કબૂલાત કોર્ટમાં સ્વીકાર્ય છે.

(D) આપેલામાંથી કોઈપણ નહીં

**48)** કોઈપણ ખરડો ક્યારે અધિનિયમ બને છે ?

**ANSWER - B**

(A) જ્યારે વડાપ્રધાન તેમની સંમતિ આપે.

(B) જ્યારે સંસદના બંને ગૃહો તેને પસાર કરે અને રાષ્ટ્રપતિ સંમતિ આપે.

(C) જ્યારે તેને સંસદના બંને ગૃહ પસાર કરે

(D) આપેલામાંથી કોઈપણ નહીં

**49)** ભારતની સર્વોચ્ચ અદાલતના વર્તમાન મુખ્ય ન્યાયમૂર્તિ કોણ છે ?

**ANSWER - C**

(A) જસ્ટીસ એચ. સી. દત્તુ

(B) જસ્ટીસ ટી. એસ. ઠાકુર

(C) જસ્ટીસ જગદીશ એસ. કેહર

(D) જસ્ટીસ કૃષ્ણા ઐયર

**50)** નીચેનામાંથી કયા સંગઠને આયોજન પંચનું સ્થાન લીધુ છે ?

**ANSWER - A**

(A) નેશનલ ઈન્સ્ટીટ્યુશન ફૉર ટ્રાન્સફોર્મીંગ ઈન્ડિયા

(B) પ્લાનીંગ અને ડેવલપમેન્ટ બોર્ડ

(C) પરિવર્તન આયોગ

(D) આપેલામાંથી કોઈપણ નહીં

**51)** નીચેનામાંથી ............ અખિલ ભારતીય સેવા નથી ?

**ANSWER - C**

(A) ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટીવ સર્વીસ (IAS)

(B) ઈન્ડિયન પોલીસ સર્વીસ (IPS)

(C) ઈન્ડિયન રેવન્યુ સર્વીસ (IRS)

(D) ઈન્ડિયન ફોરેસ્ટ સર્વીસ (IFS)



PariksaPath . pariksapath.in

52) 2 વ્યક્તિઓ A ના ઘરમાં ચોરી કરવા પ્રવેશ કરે છે અને તેમને રોકતા, A પર લોખંડના સળિયાથી હુમલો કરી રોકડ લઈ જાય છે. તે કયો ગુનો કરે છે ?
**ANSWER - C**

(A) ચોરી (B) ઘરફોડી
(C) લૂંટ (D) ધાડ

53) પુરૂષ પોતાની પત્ની સાથે જાતીય સંભોગ કરે તો તે બળાત્કારનો ગુનો ત્યારે બને છે જ્યારે પત્નીની ઉંમર:
**ANSWER - C**

(A) 18 વર્ષથી ઓછી હોય (B) 16 વર્ષથી ઓછી હોય
(C) 15 વર્ષથી ઓછી હોય (D) 13 વર્ષથી ઓછી હોય

54) નીચેનામાંથી કયા પુરાવા ન્યાયિક કોર્ટમાં સ્વીકાર્ય નથી ?
**ANSWER - C**

(A) મૌખિક પુરાવા (B) દસ્તાવેજી પુરાવા
(C) પોલીસ અધિકારી સમક્ષ આપેલ નિવેદન (D) ફોરેનસીક પુરાવા

55) ફોજદારી કાર્ય પદ્ધતિ અધિનિયમ 1973 ની ધારા 144 આધીન પસાર કરવામાં આવેલ હુકમ :
**ANSWER - A**

(A) વહીવટી પ્રકારનો છે. (B) ન્યાયિક પ્રકારનો છે.
(C) અર્ધ-ન્યાયિક પ્રકારનો છે. (D) અર્ધ-વહીવટી પ્રકારનો છે.

56) નીચેનામાંથી કયુ કથન સાચું નથી ?
**ANSWER - D**

(A) એકવાર આરોપનામુ ઘડ્યા બાદ કોઈપણ ફોજદારી કેસને તેની કાર્યવાહીમાંથી પાછો ખેંચી શકાતો નથી.
(B) ફરિયાદી, કોઈપણ ફોજદારી કેસને કોઈપણ સમયે પાછો ખેંચી શકે છે.
(C) કેસની તપાસ કરતા પોલીસ અધિકારી કોઈપણ ફોજદારી ગુનાને પાછો ખેંચી શકે છે.
(D) આપેલા તમામ

57) નીચેનામાંથી કઈ કોર્ટને અપીલ સાંભળવાની સત્તા નથી ?
**ANSWER - C**

(A) હાઈ કોર્ટ (B) સેશન્સ કોર્ટ
(C) ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટ (D) આપેલામાંથી કોઈપણ નહીં

58) ગુજરાત જુગાર પ્રતિબંધક અધિનિયમ 1887 મુજબ, નીચેનામાંથી કઈ બાબત ગૂનો છે ?
**ANSWER - C**

(A) IPL ક્રિકેટ મેચ પર સટ્ટો રમવો (B) વરલી મટકા
(C) (A) અને (B) બંને (D) આપેલામાંથી કોઈપણ નહીં



ParikshaPath . pariksapath.in

59) સામાન્ય રીતે કોઈ ફોજદારી કેસ માટે ધરપકડ કરવામાં આવેલ વ્યક્તિને રીમાન્ડ પર પોલીસ હિરાસતમાં અધિકતમ ......... દિવસ રાખી શકાય છે.

ANSWER - B

(A) 7
(B) 15
(C) 21
(D) 10

60) રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ ન થાય તો :

ANSWER - B

(A) અમલ કરવા કોર્ટ આદેશ કરી શકે છે.
(B) અમલ કરવા કોર્ટ આદેશ કરી શક્તી નથી.
(C) માત્ર સર્વોચ્ચ અદાલત અમલ કરવા આદેશ કરી શકે છે.
(D) સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતો અમલ કરવા આદેશ કરી શકે છે.

61) રાષ્ટ્રપતિની નિવૃત્તિ વય કેટલી છે ?

ANSWER - D

(A) 70 વર્ષ
(B) 75 વર્ષ
(C) 80 વર્ષ
(D) કોઈ વય મર્યાદા નથી

62) ગુજરાત નશાબંધી અધિનિયમ, 1949 માં ડિસેમ્બર 2016 માં ......... દ્વારા સુધારો કરવામાં આવ્યો હતો.

ANSWER - A

(A) વટહુકમ
(B) અધિનિયમ
(C) વહીવટી આદેશ
(D) આપેલામાંથી કોઈપણ નહીં

63) મોટર વાહન અધિનિયમ, 1988 :

ANSWER - A

(A) કેન્દ્રીય અધિનિયમ છે.
(B) સ્થાનિક અધિનિયમ છે.
(C) મ્યુનિસીપલ અધિનિયમ છે.
(D) આપેલામાંથી કોઈપણ નહીં.

64) નીચેનામાંથી કઈ મહાવ્યથા નથી ?

ANSWER - D

(A) કોઈપણ આંખની દષ્ટિનું કાયમી નુકશાન
(B) કોઈપણ કાનના શ્રવણનું કાયમી નુકસાન
(C) શિર્ષ અથવા મુખનું કાયમી વિરૂપીકરણ
(D) કોઈપણ ઈજા જેને 10 થી અધિક ટાંકા લાગે


PariksaPath . pariksapath.in

ANSWER - D

65) ભારતીય ચૂંટણી પંચ :

(A) તે બહુ-સભ્ય પંચ છે.

(B) લોકસભા અને રાજ્ય વિધાનસભાનો ચૂંટણી માટે જવાબદાર છે.

(C) જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતની ચૂંટણી કરાવવા માટે જવાબદાર છે.

(D) માત્ર (A) અને (B)

66) નીચેનામાંથી કયો કેન્દ્રશાસિત પ્રદેશ નથી ?

ANSWER - C

(A) દિવ, દમણ, દાદરા અને નગર હવેલી (B) આંદામાન અને નિકોબાર ટાપુઓ

(C) ગોવા (D) લક્ષદ્વીપ

67) નીચેનામાંથી ભારતીય બંધારણનો કયો અનુચ્છેદ 'અસ્પૃશ્યતા'નાબૂદ કરે છે ?

ANSWER - B

(A) 16 (B) 17

(C) 18 (D) 19

68) શિક્ષણનો અધિકાર તે :

ANSWER - A

(A) મૂળભૂત અધિકાર છે. (B) કાનૂની અધિકાર છે.

(C) વહીવટી અધિકાર છે. (D) કુદરતી અધિકાર છે.

69) ભારતીય રાષ્ટ્રપતિની ચુટણી કોણ કરે છે ?

ANSWER - D

(A) સંસદના બંને ગૃહોના ચુંટાયેલા સદસ્યો

(B) રાજ્ય વિધાનસભાના ચુંટાયેલા સદસ્યો

(C) રાજ્યસભા અને વિધાન પરિષદના 10% નોમિનેટેડ સદસ્યો

(D) માત્ર (A) અને (B)

ANSWER - B

70) રાજ્યસભાના હોદ્દાની રૂએ અધ્યક્ષ કોણ છે ?

(A) રાષ્ટ્રપતિ (B) ઉપરાષ્ટ્રપતિ

(C) વડાપ્રધાન (D) નાણા પ્રધાન

71) ગુજરાતમાં કેટલા પોલીસ કમિશ્નરવિસ્તારો છે ?

ANSWER - B

(A) 3 (B) 4

(C) 5 (D) 6



ParikṣaPath . pariksapath.in

**72)** ભારતીય દંડ સંહિતાના કયા પ્રકરણમાં શરીર સંબંધી ગુનાનો ઉલ્લેખ છે ? **ANSWER - C**

(A) 14 (B) 15

(C) 16 (D) 17

**73)** ભારતીય દંડ સંહિતામાં એક પ્રકરણ એવુ છે જેમાં એક માત્ર કલમ છે. તે કલમ કઈ છે ? **ANSWER - D**

(A) 376 C (B) 302

(C) 420 (D) 498 (A)

**74)** ભારતીય દંડ સંહિતાના કયા પ્રકરણમાં વ્યાખ્યાઓ છે ? **ANSWER - B**

(A) 1 (B) 2

(C) 3 (D) 4

**75)** ભારતીય દંડ સંહિતાની છેલ્લી કલમ : **ANSWER - B**

(A) કોમી હિંસા બદલ સજા બાબતે છે.

(B) ગુનાનો પ્રયાસ કરવા બદલ સજા બાબતે છે.

(C) આતંકવાદી ગતિવિધિ માટે સજા બાબતે છે.

(D) રાષ્ટ્ર વિરૂદ્ધ ગુનો કરવા બદલ સજા બાબતે છે.

**76)** જો કોઈ બાળક ગુનો કરે, તો ભારતીય દંડ સંહિતા મુજબ કઈ ઉંમર સુધી તેને ગુનો નહીં માનવામાં આવે ? **ANSWER - C**

(A) 5 વર્ષ (B) 6 વર્ષ

(C) 7 વર્ષ (D) 8 વર્ષ

77) બેદરકારીથી વાહન હાંકવા બદલ સજા માટેની જોગવાઈ ભારતીય દંડ સંહિતાની કઈ કલમમાં છે ? **ANSWER - B**

(A) 179 (B) 279

(C) 379 (D) 479

**78)** ભારતીય પુરાવા અધિનિયમની કઈ કલમ ડાઈંગ ડીક્લેરેશન બાબતે છે ? **ANSWER - C**

(A) 12 (B) 22

(C) 32 (D) 42



ParikaPath . pariksapath.in

**79)** કઈ તારીખે ભારતીય પુરાવા અધિનિયમ અમલમાં આવ્યો ? **ANSWER - A**

(A) 1સપ્ટેમ્બર 1872 (B) 21સપ્ટેમ્બર 1872

(C) 1ઓક્ટોબર 1872 (D) 21ઓક્ટોબર 1872

**80)** ફોજદારી કાર્ય પદ્ધતિ અધિનિયમની અંતિમ કલમ કઈ છે ? **ANSWER - D**

(A) 434 (B) 444

(C) 474 (D) 484

**81)** ફોજદારી કાર્ય પદ્ધતિ અધિનિયમનું અંતિમ પ્રકરણ કયુ છે ? **ANSWER - A**

(A) 37 (B) 35

(C) 33 (D) 31

**82)** ફોજદારી કાર્ય પદ્ધતિ અધિનિયમમાં પ્રકરણ 8 નીચેનામાંથી કયા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં માન્ય નથી ? **ANSWER - A**

(A) નાગાલેન્ડ (B) ગોવા

(C) આંદામાન અને નિકોબાર ટાપુઓ (D) સિક્કિમ

**83)** પોલીસની તપાસ પશ્ચાત ફોજદારી કાર્ય પદ્ધતિ અધિનિયમની કઈ કલમ હેઠળ કેસને સંબંધિત કોર્ટમાં મોકલવામાં આવે છે ? **ANSWER - C**

(A) 234 (B) 199

(C) 173 (D) 342

**84)** ફોજદારી કાર્ય પદ્ધતિ અધિનિયમની કઈ કલમ હેઠળ પોલીસ વોરંન્ટ વગર ધરપકડ કરી શકે છે ? **ANSWER - D**

(A) 11 (B) 21

(C) 31 (D) 41

**85)** ભારતીય બંધારણનો કયો અનુચ્છેદ, અખિલ ભારતીય સેવાના અધિકારીઓને શિક્ષા બાબતે છે ? **ANSWER - C**

(A) 111 (B) 211

(C) 311 (D) 411

**86)** ભારતીય સંસદમાં .......... સામેલ હોય છે : **ANSWER - C**

(A) લોકસભા અને રાજ્યસભા

(B) લોકસભા, રાજ્યસભા અને વડાપ્રધાનનું કાર્યાલય

(C) લોકસભા, રાજ્યસભા અને રાષ્ટ્રપતિ

(D) લોકસભા, રાજ્યસભા, રાષ્ટ્રપતિ અને બધા રાજ્યપાલ



PariksaPath . pariksapath.in

**87)** રાજ્યનું બંધારણીય તંત્ર નિષ્ફળ જાય તો ભારતીય બંધારણના કયા અનુચ્છેદ હેઠળ કટોકટી જાહેર કરી શકાય છે ?

**ANSWER - C**

(A) 276 (B) 326
(C) 356 (D) 406

**88)** કોઈ વ્યક્તિને કોર્ટમાં હાજર કરવા પોલીસને નિર્દેશ કરવા માટે નીચેનામાંથી કઈ રીટનો ઉપયોગ કરવામાં આવે છે ?

**ANSWER - A**

(A) Habeas Corpus (B) Mandamus
(C) Prohibition (D) Quo -Warranto

**89)** ભારતીય બંધારણ મુજબ જિલ્લા સેશન્સ જજની નિમણુંક કોણ કરે છે ?

**ANSWER - B**

(A) રાજ્યના મુખ્યમંત્રી
(B) રાજ્યના રાજ્યપાલ
(C) રાજ્યની વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ
(D) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ

**90)** ભારતીય બંધારણનો 42મો સુધારો કયા વર્ષમાં કરવામાં આવ્યો હતો ?

**ANSWER - B**

(A) 1972 (B) 1976
(C) 1979 (D) 1981

**91)** ભારતીય બંધારણનો પ્રથમ સુધારો કયા વર્ષમાં કરવામાં આવ્યો હતો ?

**ANSWER - A**

(A) 1951 (B) 1952
(C) 1953 (D) 1954

**92)** 1975 ની કટોકટીના સમયે ભારતના રાષ્ટ્રપતિ કોણ હતા ?

**ANSWER - D**

(A) વી.વી. ગીરી (B) બી. ડી. જત્તી
(C) એમ. હિદાયતુલ્લાહ (D) ફકરુદ્દીન અલી અહેમદ

**93)** કયા બંધારણીય સુધારા બાદ સિક્કિમને ભારતનું રાજ્ય ઘોષિત કરવામાં આવ્યું હતું ?

**ANSWER - B**

(A) 26 (B) 36
(C) 46 (D) 56

**94)** મોટર વાહન અધિનિયમની કઈ કલમ હેઠળ ડ્રાઈવર માટે ડ્રાઈવીંગ લાઈસન્સ જરૂરી છે ?

**ANSWER - A**

(A) 3 (B) 5
(C) 7 (D) 9



PariksaPath . pariksapath.in

95) મોટર વાહન અધિનિયમની કઈ કલમ હેઠળ દ્વિચક્રી વાહન ચલાવવા માટે હેલ્મેટ અનિવાર્ય છે ? **ANSWER - B**

(A) 119
(B) 129
(C) 139
(D) 149

96) મોટર વાહન અધિનિયમ હેઠળ માલવાહક વાહન ચલાવવા ડ્રાઈવીંગ લાયસન્સ મેળવવા માટે ન્યૂનતમ આયુ કેટલી છે ? **ANSWER - C**

(A) 18 વર્ષ
(B) 19 વર્ષ
(C) 20 વર્ષ
(D) 21 વર્ષ

97) અધિકૃત પોલીસ અધિકારી નીચેનામાંથી કયા સંજોગોમાં વાહનને જપ્ત ન કરી શકે ? **ANSWER - D**

(A) ડ્રાઈવર પાસે ડ્રાઈવીંગ લાયસન્સ ન હોય
(B) વાહનનું રજીસ્ટ્રેશન ન હોય
(C) જો વાહન પાસે જરૂરી પરમીટ ન હોય
(D) વાહન ગતિ મર્યાદાનું ઉલ્લંઘન કરતી હોય.

98) મોટર વાહન અધિનિયમની કઈ કલમ હેઠળ, દારૂનું સેવન કરી વાહન ચલાવતા ડ્રાઈવર વિરૂદ્ધ કાર્યવાહી કરી શકાય છે ? **ANSWER - A**

(A) 185
(B) 85
(C) 195
(D) 215

99) ફરજિયાત ટ્રાફિક સંકેતોનો આકાર : **ANSWER - B**

(A) લંબચોરસ હોય છે.
(B) વર્તુળાકાર હોય છે.
(C) ત્રિકોણીય હોય છે.
(D) કોઈ નિશ્ચિત આકાર હોતો નથી.

100) બૉમ્બે નશાબંધી અધિનિયમ 1949 ની કલમ 41 હેઠળ, મદ્યસેવન માટે રાજ્ય સરકાર દ્વારા ખાસ પરમીટ નીચેનામાંથી કોને આપવામાં આવતી નથી ? **ANSWER - C**

(A) વિદેશી રાજ્યના વડાને
(B) વિદેશી રાજદૂતને
(C) ભારતના રાષ્ટ્રપતિને
(D) આપેલામાંથી કોઈપણ નહીં

⊖⊖⊖



PariksaPath . pariksapath.in

# બધી સ્પર્ધાત્મક પરીક્ષાઓ ના પેપર ડાઉનલોડ કરો.

જે તે પરીક્ષા ના જુના પેપર અને આન્સર કી ડાઉનલોડ કરવા માટે નીચે આપેલા પરીક્ષાના નામ પર ક્લિક કરો.

| | | | | |
|---|---|---|---|---|
| પોલીસ કોન્સ્ટેબલ | તલાટી | બિન સચિવાલય ક્લાર્ક | પોલીસ ઈન્સ્પેક્ટર | નાયબ ચીટનીસ |
| સેનેટરી ઈન્સ્પેક્ટર | હાઈકોર્ટ બેલીફ | જુનીયર ક્લાર્ક | સીનીયર ક્લાર્ક | વિદ્યુત સહાયક |
| મુખ્ય સેવિકા | સ્ટાફ નર્સ | હાઈકોર્ટ ક્લાર્ક | હાઈકોર્ટ પટાવાળા | લેબ આસીસ્ટન્ટ |
| એકાઉન્ટ ઓફિસર | CTET | ટેકનીકલ આસીસ્ટન્ટ | TET | GSRTC કંડકટર |
| સ્પીપા | HTAT | નાયબ મામલતદાર | ફોરેસ્ટ ગાર્ડ | GSRTC ક્લાર્ક |
| GPSC સહાયક | TAT | પોલીસ સબ ઈન્સ્પેક્ટર | GPSC STI | ફીમેલ હેલ્થ વર્કર |
| RFO | સર્વેયર | જમાદાર | GSSSB ઈન્સ્પેક્ટર | ચીફ ઓફિસર |
| MPHW | લેબ ટેકનિશિયન | આસીસ્ટન્ટ ઈન્સ્પેક્ટર | ATDO | એકાઉન્ટન્ટ |

**સરકારી નોકરીની માહિતી માટે દરરોજ દિવસ એકવાર તો WWW.RKHACK.COM ની મુલાકાત લો. મફત મટેરિયલ ડાઉનલોડ કરવા માટે WWW.GKNEWS.IN વેબસાઈટ પર જાઓ.**

જોડાઓ અમારી સાથે

**અને ખાસ, જો તમે સ્પર્ધાત્મક પરીક્ષાઓ ની તૈયારી કરતા હોવ તો અમારી સાથે અત્યારે જ જોડાઈ જાઓ. જોડવા માટે નીચે આપેલા બટન પર ક્લિક કરો.**

Join Us on WhatsApp 94092 31939

Join Us On Telegram @gknews_in

Follow Us On Instagram @gknews_in

Subscribe Our Channel @gknews_in

Like Our FB Page @gknews.in

Follow Us On Sharechat @gknews_in

Thank You

PariksaPath . pariksapath.in